GSECL

GMDC
FUELING THE GROWTH

જાન્યુઆરી-૨૦૨૩

અંક - ૫૦

# અરુણોદય




અંકની

સોનેરી સફર


સંપાદકીય બોર્ડ

- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા


## અનુક્રમણિકા


- 50 અંકની સોનેરી સફરે આપ સૌનો દિલ થી આભાર...
- સોનાનો સૂરજ
- બે શબ્દ અરૂણોદય અંક વિશે....
- 'વર'દાન
- દોસ્ત
- સરસ ગુજરાતી રચનાઓ....
- વિવેકાનંદની અમૃતવાણી
- વર્ષ 2023માં કજીયાનું મોં કાળુ કરો
- નવા બનો
- Photography
- કચ્છની ધરતી
- मेरे आई बाबा
- શાળાની પ્રવૃત્તિઓ


ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

# તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન ‘‘અરૂણોદય’’ જાન્યુઆરી - ૨૦૨૩ ,અંક-૫૦ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્રારા કોઇપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી

# 50 અંકની સોનેરી સફરે

# આપ સૌનો દિલ થી આભાર...



શ્રી એસ.જે.મહેતા
ઈ. આચાર્યશ્રી , એસ.કે.વી.વિધાલય
વર્માનગર

જીએમડીસી , જીએસઈસીએલ તથા સર્વે વાચક મિત્રો ને જણાવતા આનંદ થાય છે કે શ્રી એસ.કે.વી.વિધાલય – વર્માનગર અને જીએમડીસી લીગ્નાઈટ પ્રોજેકટ – પાન્ધ્રો દ્વારા સયુકત રીતે પ્રકાશિત થતા ઈ-મેગેઝીન અરૂણોદય અંકનો ૫૦ મો અંક પ્રકાશિત કરતા ખુબ જ આનંદ ની લાગણી અનુભવું છું. અરૂણોદય અંક ની સફર જાન્યુઆરી – ૨૦૧૭ થી શરૂ થઈ અને આજે આ ૫૦ મો અંક પ્રકાશિત કરીએ છીએ. વચ્ચે કોરોનાકાળના કારણે રેગ્યુલર અંક પ્રકાશિત કરી શકયા ન હતા. અરૂણોદય અંક મા લેખ લખતા સૌ લેખકો તથા સૌ વાચક મિત્રો નો ખુબ –ખુબ આભાર માનું છું અને સાથોસાથ આવો જ સાથ અને સહકાર આપતા રહેશો એવી આશા રાખું છું. અરૂણોદય અંકમા શાળાના બે શિક્ષકો એક કુ. નીતાબેન વી. સોરઠિયા અને બીજા શ્રી પી.બી.પ્રજાપતિસાહેબનો આ તકે ખાસ આભાર માનું છું કારણ કે આ બંને શિ ક્ષકોએ પચાસે – પચાસ અંકમા પોતાની મૌલિક શૈલીમાં લેખ લખેલ છે. આ બાબત એક ગૌરવ સમાન છે. આ સિવાય શાળાના ભૂતપૂર્વ વિધાર્થી અને નર્મદા નિગમના ઉપસચિવ શ્રી હરિસિંહ સોઢાસાહેબનો પણ ખુબ ખુબ આભાર માનું છું કારણ કે તેઓ પણ રેગ્યુલર પોતાની આગવી શૈલીમા અરૂણોદય અંકમા લેખ આપે છે. આ તકે અરૂણોદય અંક શરૂ કરવા અને શરૂ કરવાની પ્રેરણા આપવા બદલ તત્કાલીન જીએમડીસી લીગ્નાઈટ પ્રોજેકટ – પાન્ધ્રોના જનરલ મેનેજર શ્રી આર. કે. દાસસાહેબ નો પણ ખાસ આભાર માનું છું કારણકે તેમના માર્ગદર્શનથી જ આ શકય બન્યું છે. આ સિવાય વખતો – વખત અરૂણોદય અંક પ્રકાશિત કરવાની મંજુરી આપનાર દરેક જનરલ મેનેજરશ્રી નો પણ આભાર માનું છું. વિશેષ મા આ અંકની ડીઝાઈન તૈયાર કરનાર અને અંક માટે અથાગ મહેનત કરનાર શ્રી મીતેશભાઈ એમ. ઠકકરસાહેબ નો પણ હ્રદય પૂર્વક ખાસ આભાર માનું છું કારણકે એમના સાથ સહકાર વગર અરૂણોદય અંક બનાવવો શકય જ ન હતો. શ્રી મીતેશભાઈનો અંક બનાવવામાં સિંહ ફાળો છે તેઓ આવો ને આવો સાથ સહકાર આપતા રહે તેવી અપેક્ષા રાખું છું. આ અંક અવિરત પણે પ્રકાશિત થતો રહે તે માટે જીએમડીસી અને જીએસઈસીએલ પરિવાર તથા આમ જનતા પાસે સાથ સહકારની ની આશા રાખું છું. છેલ્લે અરૂણોદય અંક માટે જે કોઈ પણ નામી – અનામી વ્યકિતએ સાથ – સહકાર આપેલ છે તે સર્વેનો ખુબ – ખુબ આભાર.

અરૂણોદય

# સોનાનો સૂરજ



Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

ડગુ મગુ પગલા માંડીને જેની શરૂઆત કરી હતી એ અરુણોદયના 50 અંક પૂરા થયા અને સોનેરી સમય આવી પહોચ્યોં.આંગળી ઝાલીને પગલા મંડાવવાની શરૂઆત આર.કે. દાસ સાહેબને આભારી છે જેમણે શિક્ષકોમાં અને અન્ય જી.એમ.ડી.સી. પરિવારના કર્મચારીઓની યોગ્યતા ઉપર વિશ્વાસ મૂક્યો. ઘણીબધી ચર્ચાઓ પછી અંકનું નામકરણ કરવામાં આવ્યુ જે ખુબ જ યોગ્ય છે. કારણકે અરૂણ એટલે સૂર્ય , અરૂણોદય એટલે સૂર્યોદય. એક નવી સવારની શરૂઆત . આ અંક પણ એક નવી શરૂઆત હતી , આ અંકની અને એમાં લેખ આપનાર નવા અને નાનકડા લેખકોની અને એટલે જ આપણા એમ.ડી. સાહેબે આ લેખકો માટે budding writers એવું ખુબ જ અસરકારક નામ આપ્યુ છે અને અરૂણોદય અંક સાથે જોડાયેલા તમામને ખુબ જ અભિનંદન આપ્યા છે. જે દ્વારા આ અંકને ખીલવવા માટે પ્રોત્સાહનરૂપી સિંચન પૂરુ પાડયુ છે.

દરેક વ્યક્તિની અંદર પડેલી આવડતને ઓળખવાની જરૂર હોય છે અને એ માટેની યોગ્ય તક પણ ઉભી થવી જોઇએ. અરૂણોદય દ્વારા ખુબ જ મહત્વની તક પૂરી પાડવામાં આવી છે. એમાં વિધાર્થીઓના ચિત્રો પણ મૂકવામાં આવે છે જેથી વિધાર્થીઓનો ઉત્સાહ પણ વધે છે.

કોઇપણ સફળતા માટે direct કે indirect ઘણા બધાનો ફાળો હોય છે. આ અંકને ચલાવવામાં , અહીં સુધી પહોંચડવામાં પણ ઘણા બધાની મહેનત છે. કાગળ પર લખીને આપેલા લેખોને ટાઇપ કરવા અને અંકને ડિઝાઇન આપવા માટે શ્રી એમ.એમ. ઠક્કર સાહેબ ખૂબજ ઉત્સાહ પૂર્વક મહેનત કરે છે. તે સિવાય સંપાદકીય બોર્ડના સભ્યોનો પણ અગત્યનો ફાળો છે. જે સંગઠને અરૂણોદયને સોનેરી તક પૂરી પાડી છે.અંકમાં લેખ આપનાર ઘણા સારા લેખકો છે જે પહેલેથી જ લખે છે અને કોઇક મારા જેવા પણ છે જેમણે અરૂણોદય અંકથી જ લખવાની શરૂઆત કરી છે . આ તક પૂરી પાડવા માટે અરૂણોદય સાથે જોડાયેલા તમામના અમે દિલથી આભારી છીએ.

રોજ સૂરજ ઉગેને રોજ સવાર થાય
પણ ક્યારેક સોનાનો સૂરજ ઉગેને સોનેરી સવાર થાય
પા પા પગલી માંડીને અંકની શરૂઆત થઇ
આજે અંકની સોનેરી સવાર થઈ.
નાના નાના લેખકો ને નાના નાના લેખો
પણ સૌને મોટી તક મળીને કલમની શરૂઆત થઈ.
એક - બે - ત્રણ કરતા કરતા 50 અંકની પૂર્તિ થઇ
દાસ સાહેબના વિશ્વાસની યોગ્યતા પૂરવાર થઇ
રંગબેરંગી રંગો પૂરી લેખોમાં જેણે પ્રાણ પૂર્યા
જીવંત કર્યા લેખોને ડિઝાઇનરની મહેનત રંગલાવી
અરૂણોદય અંકની સોનેરી સવાર થઈ.

# બે શબ્દ અરૂણોદય અંક વિશે....



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

અરૂણોદયના પ્રસિધ્ધ થતા 50 માં અંકે અમ શિક્ષકમિત્રો અપાર ખુશી અનુભવીએ છીએ. આ પ્રસિધ્ધ થતાં અંક દ્વારા સૌ શિક્ષક મિત્રો પોતાના મૌલિક વિચારો રજૂ કરી પોતાના જ્ઞાન , વિચાર અને કૌશલ્યને વિધાર્થી મિત્રો , જી.એમ.ડી.સી. પરિવાર તેમજ લોકો સમક્ષ મૂકવાનો એક નમ્ર પ્રયાસ કરી રહયા છે.

આમ તો શિક્ષક આજીવન વિધાર્થી , વિજીગીષુ વૃતિ ધરાવતો હોય છે. 'શિક્ષક કભી સાધારણ નહી હોતા' પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદમે પલતે હૈ. ચાણક્યનું આ વાકય અમારામાં ઉત્સાહ પ્રેરે છે.

આવા અમૂલ્ય અરૂણોદય અંકની શરૂઆત કરવાનો વિચાર જેમના મનમાં આવ્યો તેવા તે વખતના પાન્ધ્રો પ્રોજેક્ટના જનરલ મેનેજર શ્રી આર.કે.દાસ સાહેબનો ખૂબ ખૂબ આભાર માનુ છું. તેઓ ખુદ પણ શિક્ષક જીવ ની પ્રકૃતિ ધરાવે છે અને શિક્ષક મિત્રો પ્રત્યે હંમેશા આદરભાવ રાખતા રહેલા છે. તેઓ એ આ અંક દ્વારા અમારામાં પડેલી લેખન કલાની સુષુપ્ત શક્તિને જાગૃત કરવાનો સ્તુત્ય પ્રયત્ન કરીને એક શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડયું છે.

શૈક્ષણિક કાર્ય કરાવવું એ તો શિક્ષકની મૂળભુત ફરજ છે જ. તે ફરજ તો અદા કરવાની જ હોય. પણ આ અંક દ્વારા શિક્ષક મિત્રો પોતાના લેખન કૌશલ્યને જાગૃત કરી કંઈક ને કંઈક ઉપયોગી માહિતી રજૂ કરી ને પોતાના હકારાત્મક માનસને વધુ મજબૂત બનાવી શકે છે.

તો વળી સાથોસાથ અમારા શિક્ષક મિત્રોના લખેલા લેખોને વ્યવસ્થિત ડિઝાઈન કરવાનું કે ગોઠવવાનું કે રૂપરેખા તૈયાર કરવાનું ભગીરથ કાર્ય જે કરી રહયા છે તેવા અમારા સતત એકટીવ ઉપરાંત કોઈપણ જાતની પ્રશંસાની અપેક્ષા વગર કામ કરતા એવા સંનિષ્ઠ શિક્ષક શ્રી મિતેશભાઈ ઠકકરનો પણ અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

અરૂણોદયના અંકની આ લાંબી સફર નિર્વિઘ્ને ચાલુ રહે અને અમારા જેવા શિક્ષક મિત્રો પણ કોઈપણ અપેક્ષા વગર તેમાં પ્રવૃતિશીલ રહે તેવી શુભ ભાવના સાથે જોડાયેલા રહીએ. આ અંક સાથે જોડાયેલા તમામ નો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.



# 'વરે'દાન



"કાશ"
કાશ્મીરા હિમાંશુ ગોર

દાન નો મહિમા અનેરો છે જગતમાં. બધા જ દાન શ્રી કૃષ્ણ ના ચરણો માં અર્પિત થાય છે. શ્રી કૃષ્ણ ને પામવા ના અનેક રસ્તા છે. શ્રી કૃષ્ણ ને અર્પણ થવું પરમ ભાગ્ય. પણ શ્રી કૃષ્ણ ને અર્પણ કરી દેવા?!!! રાધા સિવાય કોણ આપી શકે શ્રી કૃષ્ણ ના દાન.

ઉધ્ધવજી આવ્યા ગોકુળમાં, આપવા જ્ઞાન નો પ્રસાદ. જ્ઞાન થકી પામો શ્રી કૃષ્ણ ને ને,શ્રી કૃષ્ણ સ્વંય પરમેશ્વર. અભણ ગોપ, ગોપી _સખા અને રાધા, ચાર અક્ષર કંયા કોઈ એ જાણ્યા, અઢી ભણ્યા ને અઢી જ સમજ્યાં. ઉધ્ધવજી ને અનેક સવાલો, પરમેશ્વર હતો તો કેમ ચોરી ને માખણ ખાતો? કેમ મીઠી મોરલી વગાડતો?ભગવાન છે તો કેમ બધું ભૂલી ન ગયો ? અમે જ વ્યાકુળ પ્રેમમાં ?ના, એ પણ એકાંત મા ચોધાર આંસુએ રડતો.પહેલાં પ્રેમ નો આ વસંતી વાયરો છે ઉધ્ધવજી, જેના પર કયારેય પતઝડ નથી આવતો. કોઈ કહે રાધા જીવે છે તો કોઈ કહે મૂર્ત છે.રાધા ને કૂષણ તો મન અને ભાવના છે, તમે એક વાર શ્રી કૃષ્ણ નું શરીર લઈ ગયા, હવે બીજી વાર શું લેવા આવ્યા છો? રાધા: તમને આપવા માટે મારી પાસે કાંઈ નથી, શરીર તો સાથ દેતું નથી ને મન કૃષ્ણ સિવાય કાંઈ ઝંખતુ નથી. જ્ઞાન ની પરિભાષા તમે એને જ સમજાવો અહીં તો. પ્રેમ સિવાય કોઈ કંઈ સમજતું નથી. જ્ઞાન કદાચ જન્મ બે જન્મ સાથે આવે, પણ પ્રેમ નો તો નથી જન્મ કે નથી મુત્યુ. તો પણ તમને દીધા શ્રી કૃષ્ણ ના દાન. વચન છે આ રાધા નું, શ્રી કૃષ્ણ ને પાછા કયારેય નહિ માંગીએ.

# દોસ્ત



એસ.કે.ચૌહાણ
માધ્યમિક શિક્ષક

દોસ્ત છે.....
મુસીબત માં આપણી પડખે ઉભા રહે; તો કયારેક આપણી બાજી બગાડે પણ ખરા...
આપણે જેને દબાવીને રાખીએ એ જ મુદ્દો; ઉપાડે પણ ખરા...
દોસ્ત છે;
ધંધે લગાડે પણ ખરા..
ઉંઘ આવી ગઈ....???
એમ પુછવા બે- અઢી વાગ્યે જગાડે પણ ખરા....!.
ફરવા જાય આબુ; પ્લાન બેંગકોક નો બનાવે પણ ખરા.....
કસરત કરવા જાય;
સાથે બે વડાપાવ દબાવે પણ ખરા..
દોસ્ત છે;
ધંધે લગાડે પણ ખરા..
કયારેક ભાવુક થઈ જાય; તો કયારેક મનમુકી ને હસાવે પણ ખરા....
આપણી પાસે જ ઉછીના લઈ;
કયાંક આપણને જમાડે પણ ખરા.....
કયારેક શીખામણ આપે; તો કયારેક અવડા પાટે ચઢાવે પણ ખરા....
દોસ્ત છે;
ધંધે લગાડે પણ ખરા....



# સરસ ગુજરાતી રચનાઓ....



એમ.એ.ગોસ્વામી
માધ્યમિક શિક્ષક

જીંદગી કશું નહિ પણ ઈશ્વરે બક્ષેલી યાત્રા છે
ક્યારેક સુખ તો ક્યારેક દુખ ભરેલી જાત્રા છે
મણાય એટલી માણી લેજો મિત્રો
કેમ કે જીંદગી તો જન્મ - મરણ વચ્ચેની નાની વાર્તા છે

** "કેવી અજીબ વાત છે
ઈશ્વર તમારા ઘરે આવે એ સૌને ગમે છે"
પણ ઈશ્વર એમના ઘરે બોલાવે તો કોઈ ને ગમતુ નથી
આંખોમાં વસનારા જ રડાવી જાય છે...

** દસ્તુર તો જુઓ આ દુનિયાનો,
પોતાના મો ચડાવી બેઠા અને
પારકા હસાવી જાય છે...

** કયાં સમય છે આપણી પાસે
જીવતા માણસ સાથે બેસવાનો,
આપણે તો માણસ મર્યા પછી જ "બેસવા" જઈએ છીએ.

** બે- શબ્દો... માઈનસ અને પ્લસ
આપણા પોતાના માઈનસ પોઈન્ટની ખબર હોય એ આપણો પ્લસ પોઈન્ટ છે.

** અવાજ અને મૌન
પુરુષનો ઊંચો અવાજ સ્ત્રીને ચૂપ કરાવી દે છે, પણ સ્ત્રીનું મૌન પુરૂષના પાયા જ હલાવી નાખે છે.

** ડોક્ટર અને માણસ
કેવો ગજબનો શબ્દ છે "સોરી" જ્યારે માણસ બોલે તો ઝઘડો પૂરો અને જો ડોકટર બોલે તો માણસ પૂરો.

** યાદ અને ભૂલી
મદદ એક એવી ધટના છે, કરો તો લોકો ભૂલી જાય છે , ના કરો તો લોકો યાદ રાખે છે.

** આપણા અને તાપણા
આપણા અને તાપણા ની એક ખાસિયત છે,બહુ નજીક ના રહેવું અને બહુ દૂર પણ ના રહેવું.

** શરૂઆત અને અંત
જીવનની શરૂઆત પોતાના રડવાથી થાય છે, અને જીવનનો અંત બીજાના રડવાથી થાય છે.

** ક્રોધ અને લોભ
ઈચ્છાઓ પૂરી ના થાય તો ક્રોધ વધે છે, અને ઈચ્છાઓ પૂરી થાય તો લોભ વધે છે.

** મગજ અને હ્રદય
મગજ ભલે હ્રદયથી બે વેંત ઉંચે હોય, પણ હ્રદય થી બનતા સંબંધો,બધાથી ઊંચા હોય છે..
સંવેદનાના ઝરણાઓ



# વિવેકાનંદની અમૃતવાણી



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

બાળપણમાં રમતિયાળ , તોફાની અને ચંચળ ગણાતા એવા નરેન્દ્ર કે જેઓ આગળ જતાં વિવેકાનંદથી ઓળખાયા એવા સ્વામી વિવેકાનંદથી કોઇ અજાણ્યું નથી.

જેની મુખ પર યુવાવસ્થામાં તેજસ્વિતા , નમ્રતા અને દેશ પ્રેમ છલકાતો હોય તેવા વિવેકાનંદે કરેલું ભારત પરિભ્રમણને આપણે કેમ ભૂલી શકીએ ?

'મને 100 નાચિકેત વૃતિના યુવાનો (નચિકેતા) આપો હું પૂરા વિશ્વની સકલ બદલી નાખું ' આવું કહેનાર વિવેકાનંદની નસેનસમાં ભારત પ્રત્યેના પ્રેમની સુગંધ જોડાયેલી છે.

એમની અમૃતવાણીના કેટલાક અંશો જોઇએ તો.......

** જેમનાં હાડમાં સચ્ચાઇ છે એવા પોતાની જાતને દેશને ખાતર હોમી દેનારા માણસો જ્યારે જાગશે ત્યારે આ દેશ સર્વથી મહાન થશે. દેશને કોઇ મહાન બનાવતું હોય તો તે તેની પ્રજા છે.

** જેનું હદય દરિદ્રને માટે દ્રવે તેને જ હું મહાત્મા કહુ છું. નહિતો એ દુરાત્મા છે.

** દેશભકત થવાનું પહેલું પગથિયું એ છે કે ભૂખે મરતા લાખો દેશ બંધુઓ માટે લાગણી ધરાવવી.

** બીજાની ઉપર આધાર રાખી જે ચાલે છે તે સત્યની કે ઇશ્વરની સેવા કરી શકવાના નથી.

** મુક્તિની મને કોઇ ઇચ્છા નથી. શાંત ઝરણાની જેમ લોક હિતાર્થ કામ કરતાં કરતાં અગર હજારવાર નરકવાસ થતો હોય તો ભલે થાય પણ મારો માનવધર્મ હું કદાપિ છોડી ન શકુ.

સ્વામી વિવેકાનંદે પોતાના અલ્પ આયુષ્યકાળ દરમ્યાન પોતાની અમીર છાપ ભારતના જન માનસ પર ખડી કરી અને યુવાનોના આદર્શ બન્યા. ભારતીય યુવાન નું જીવન કેવું હોવું જોઇએ તેનું ડેમોસ્ટ્રેશન પોતાના જીવન થકી પૂરૂં પાડયું. લાખ લાખ વંદન આવા ભારતીય સપૂતને.

# વર્ષ 2023માં કજીયાનું મોં કાળુ કરો



વી.જી.રાઠોડ
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

જ્યારે આપણે આપણા દુશ્મનોનો તિરસ્કાર કરીએ છીએ ત્યારે આપણી ભૂખ , ઉંઘ , 'લોહીનું દબાણ', તંદુરસ્તી તથા આપણા સુખ પર તેની અસર થાય છે.

જો આપણા દુશ્મનોને ખબર પડે કે તેઓના કારણે આપણે દુઃખી અને ટેન્શનમાં રહીએ છીએ અને તેઓ આપણને નુકસાની પહોંચાડવામાં આપણી બરોબરી કરી રહ્યા છે તો તેઓ આનંદથી નાચી ઉઠશે આપણો તિરસ્કાર તેમને નુકસાન નથી કરતો પણ તે આપણા જીવનને નર્કતુલ્ય બનાવી દે છે.

સ્વાર્થી માણસો તમારો અનુચિત લાભ લેવા પ્રયત્ન કરે તો તેમની ઉપેક્ષા કરો પરંતુ જેવા સાથે તેવા થવા પ્રયત્ન ન કરો જ્યારે આપણે જેવા સાથે તેવા થવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપણા શત્રુને દુઃખી કરવા ઉપરાંત આપણે પણ દુઃખી થઈએ છીએ.

શેક્સપિયરનું કહેવું છે કે 'તમારા દુશ્મનને દઝાડવા તાપણુ એટલું તેજ ન કરો કે તમે પોતે પણ દાઝી જાવ.

તનાવ પૂર્ણ જીવન પસાર કરવા વાળા માણસોની ઈર્ષા જ્યારે જૂની થઈ જાય છે ત્યારે તેના ફળ રૂપે તેમને બ્લડપ્રેશરનો રોગ થાય છે હૃદય રોગ થાય છે

હવે આપ ઈસુ ખ્રિસ્તના કથન નું મહત્વ સમજી ગયા હશો.તમારા શત્રુને પણ પ્રેમ કરો.શત્રુ ને વારંવાર માફ કરો એમ કહીને ઈસુએ કહ્યું હતું કે આ પ્રમાણે આચરણ કરીને બ્લડ પ્રેશર , હૃદય રોગ હોજરીનું ચાંદા વગેરે કેટલાય રોગથી દૂર રહો.

આપણે આપણા શત્રુઓને પ્રેમ ન કરી શકીએ' તો છેવટે આપણી જાતને તો પ્રેમ કરીએ. જેથી આપણા શત્રુઓ આપણું સુખ અને આપણી તંદુરસ્તી ન બગાડી શકે. શક્ય છે કે આપણે એવા સંતપુરુષ નથી કે 'આપણા દુશ્મનોને માફ કરી દઈએ 'પણ આપણી પોતાની તંદુરસ્તી માટે તેમને માફ કરી દેવા જોઈએ અને ન ભૂલવું કે 'એમ કરવું એ બુદ્ધિશાળીનું કામ છે બધુ સમજવું એટલે બધું માફ કરવું. એક વાર દુશ્મનની વાત સમજી લેશો તો પછી દુશ્મન જ નહીં રહે.

આપણે આપણા દુશ્મનોનો તિરસ્કાર ન કરતા, તેમની દયા ખાવી જોઈએ અને ઈશ્વરનો આભાર માનવો જોઈએ કે, આપણને એના જેવા ન બનાવ્યા.આપણા દુશ્મનોની નિંદા કરવી કે તેનો વિરોધ કરવો અને બદલાની ભાવના રાખવાને બદલે તેમના પ્રત્યે ક્ષમા, સહાનુભૂતિ સૌમનસ્ય અને સહયોગની ભાવના રાખવી જોઈએ અને તેમના ભલા માટે પ્રાર્થના કરવી જોઈએ.

ઈશુના એ શબ્દો યાદ કરો.' તમારા શત્રુ પ્રત્યે પ્રેમભાવ રાખો તેઓ તમને શ્રાપ. આપે તો તમે તેને વરદાન દો, જે તમારો તિરસ્કાર કરે છે તેને પ્રેમ કરો. જે ઈર્ષાથી તમારો ગેરલાભ લે તેમના માટે પ્રાર્થના કરો. જે તમારા તરફ કાંટા ફેંકે તેના તરફ ફુલ ફેંકો આ પ્રાર્થનાથી તમને મનવાંચ્છિત શાંતિ મળશે. જેને રાજા મહારાજા પણ ઝંખતા હોય છે. ડાયા માણસો દુશ્મન પાસેથી વધુ શીખે છે. આપણે આપણા શત્રુઓ ઉપર પ્રેમ રાખવો જોઈએ. એ એક ઉત્તમ બોધ છે.ઘણીવાર તેઓ શત્રુના રૂપમાં આપણા મિત્રો હોય છે.

મિત્રો જ્યારે આપણી મિથ્યા સ્તુતિ કરે છે. ત્યારે દુશ્મનો આપણને સત્ય વાત રોકડી પરખાવી દે છે.તેમની સત્ય ટીકા અને ભીષણ ઠપકો ઘણીવાર દર્પણની ગરજ સારે છે.

ઉપર્યુક્ત બાબતોનો સારાંશ એ છે કે વર્ષ 2023માં આપણે આવી કેટલીક બાબતોને મનમાંથી કાઢી નાખીએ અને વર્ષ દરમિયાન દરેક પળને આપણે આનંદથી માણીએ. આનંદથી જીવનનૈયાને આગળ વધારીએ

આભાર

# નવા બનો



એ.આર.ડાભી
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

મિત્રો 2022નું વર્ષ પૂરું થયું અને નવું વર્ષ 2023 શરૂ થયું. ધુમધામથી રંગે ચંગે ઉજવણી કરવામાં આવી. નવું ઘર, નવી ગાડી, નવું ફર્નિચર, નવા રંગ વગેરે નવીનતાને આપણે સ્વીકારીએ છીએ. આપણને નવું ગમે છે, આપણે નવું ઈચ્છીએ છીએ, નવાને સ્વીકારીએ છીએ ત્યારે આ નવીનતા શું છે? તેના વિશે થોડો વિચાર કરીએ. 2023માં આ નવીનતા વિશે થોડો ખ્યાલ મેળવીએ. આવો આપણા જીવનને પણ નવા રંગોથી ભરી દઈએ.

નવું એટલે જે જૂનું નથી તે. જૂનામાંથી આપણે ઘણું બધું શીખીને નવા તરફ આગળ વધીએ છીએ એ સ્વાભાવિક છે. કારણ કે માણસ અનુભવથી જ ઘડાય છે, ભૂલો તેને શીખવે છે અને ભૂલોમાંથી સુધારણા તરફ મનુષ્ય જઈ શકે છે જો તેની વૃત્તિ હોય તો. મનુષ્ય અને પશુ વચ્ચે મોટો તફાવત છે. કારણ કે પશુને પારખવાની રીત માણસ કરતા જુદી છે. પશુની કિંમત એનો બહારનો દેખાવ, એની ઉંમર, એની દૂધ આપવાની શક્તિ એના ઉપરથી થાય છે. જ્યારે મનુષ્યનું મૂલ્ય બહારથી નહીં પણ એના આંતરિક જીવનના મૂલ્યોથી, એની અંદર રહેલા ઉત્તમ વિચારોથી, તેના ઉચ્ચાર અને આચારથી થાય છે.

નવા કપડાં પહેરવાથી કે ઉચ્ચ ડિગ્રી મેળવવાથી માણસનું માપ નીકળી શકતું નથી. શિક્ષિત અને ઠાઠ માટે ધરાવતો વ્યક્તિ આજે સ્વાર્થી અને હિનવૃત્તિઓ ધરાવનારો આપણે જોઈ શકીએ છીએ. રાજકારણ, ધર્મ અને સત્તાને નામે પોતાની સ્વાર્થવૃત્તિઓને સંતોષવા તે બીજાઓને છેતરી રહ્યો છે.

નવા બે રીતે બની શકાય છે એક બાહ્ય અને બીજું આંતરિક.બાહ્ય નવીનતા માણસને દેખાવમાં સુંદરતા લાવે છે. સારા કપડા, સારા અલંકારો માણસને બહારથી સુંદર અને આકર્ષક દેખાવા માટે હોય છે. પણ તેનાથી માણસની કિંમત અંકાતી નથી. માણસનું મૂલ્ય તો તેની અંદર રહેલી પ્રતિભા, તેની અંદર રહેલી ઉચ્ચ માનસિકતા, ઉચ્ચ વિચારો, નૈતિકતા, પ્રમાણિકતા જેવા મહાન જીવનમૂલ્યોને આધારે છે. માણસની બાહ્યતા નાશ પામશે. પણ તેની આંતરિકતા તેના મૃત્યુ પછી પણ બોલશે.

2023ના વર્ષમાં આંતરિક જીવન જીવતા શીખીએ. સનાતન મૂલ્યોનું જતન કરીએ. પ્રેમ, સત્ય, અહિંસા જેવા મૂલ્યોથી બીજાઓને જીતી લઈએ. નફરતની ભાવના દૂર કરીએ.આ જગત હિંસા ફેલાવનારાઓને કદી માફ કરતું નથી પરંતુ પ્રેમ, સત્ય અને અહિંસાથી જીતનારને ઈતિહાસ હંમેશા યાદ રાખે છે, સ્વીકારે છે.

લગા શકો તો બાગ લગાઓ, આગ લગાના મત સીખો,

જલા શકો તો દીપ જલાઓ, દિલ કો જલાના મત સીખો ||

આવો 2023માં લોકોને પ્રેમથી જીતનારા બનીએ એ જ સાચું નવું જીવન છે, એ જ સાચી નવીનતા છે આપણા સંસારને સુંદર નંદનવન બનાવવા માટે આપણે પોતે માળી બનવું પડશે અને તેમાં સારા વિચારોના બીજ વાવીને મૈત્રીથી મહેકતું ઉપવન બનાવવું પડશે. ગઈકાલની પેઢીથી આપણે ઘણું મેળવ્યું છે, તો આવનારી પેઢીને પણ આપણે ઉત્તમ બગીચો આપીને જઈએ. આપણા આચરણ દ્વારા આવતીકાલની પેઢીને પ્રેરણા મળવી જોઈએ.

જો માત્ર આપણા શરીરને તૃપ્ત કરવા, આપણે ઈન્દ્રિયોને તૃપ્ત કરવા, આપણું ઘર ભરવા માટે આપણે નથી આવ્યા. જો એમ થશે તો આવનારી પેઢી આપણને માફ નહીં કરે. જુઠા માણસનો પક્ષ લેવો, એમને બચાવવા, એમની વકાલત કરવી. આમ પોતાની બુદ્ધિનો વ્યભિચાર કરી માણસ ધીમે ધીમે નીચે અને નીચે ઉતરતો જાય છે. હલકા વિચારોમાં જીવવાથી માણસ વામણો જ થાય... બહારથી ભલેને મોટો લાગે. માણસના વ્યક્તિત્વમાં, ભાષામાં, વિચારોમાં, કર્તવ્યમાં, જીવનચર્યાના એકે એક મરોડમાં સૌંદર્યદર્શન થવું જોઈએ.આજે કેટલાય એવા અજ્ઞાત જીવનચરિત્રો જીવાયા છે જેમના આચાર, વિચાર અને ઉચ્ચારના પ્રકાશે આ માનવજાત શાંતિથી અને સુખેથી જીવી રહી છે.



# Photography



*Bina D. Bhatt*
*Sec. School Teacher*





**Presently, just like any other art, photography is also blooming and covering many areas.One such photography is photography.I tried to convey my massage to the people that like all other profession, photography can be choosen as a career.In this section I selected 'Nature photography' .In that series I am presently collecting and posting photographs of sunset and sunrise.**

**Related hashtags are those wor s that are most commonly used on instagram in post with a searched word.**

**Here are some Nature photography.**



# કચ્છની ધરતી





તૃષા જે. કણઝરીયા
ધોરણ - ૯

કચ્છની ધરતી પર પગ પડે ,
અને જાણે કે ઈશ્વરીય જગ મળે.



આ અમીરી નથી તો શું છે,
અમારે ચાંદ ઉપર જમીન નથી,
પણ અમારે તો જમીન ઉપર જ ચાંદો છે.

આ ખમિરી નથી તો શું છે,
સરહદની પાસે છે, છતાં બધું હદ માં રાખે છે,
કચ્છ સફેદી પોતાની વચ્ચમાં રાખે છે.



મીઠું છે એ મીઠાસ આપે છે,
માંડવી વિજય વિલાસ આપે છે.




જેસલ જાડેજા અને ઓઢો જામ ,
હોથલ પદમણી અને તોરલ નામ.



લેતા લેતા ગજ ગજ અમારી છાતી ફુલાણી,
કચ્છની ધરતી પર કેમ ભૂલાય વીર લાખો ફુલાણી.

માતાનો મઢ , કંડલા અને અંજાર ,
**Number Plate માં GJ 12.**



આ કુદરતનો ખોળો છે,
જમવામાં દેશી ઓળો છે,
ડુંગરનું નામ કાળો છે,
પણ પ્રદેશ આમ રૂપાળો છે.



એટલે કહીએ કે
કાવા નહિ ખાલી દાવા કે મન અમારા સ્વતંત્ર છે,
મોહ નહિ ખાલી માયા,
આ કચ્છનું 'રણતંત્ર' છે.





# मेरे आई बाबा



નિહારીકા દાની

मैं जबसे इस दुनिया में आई तबसे मेरी खुशी, मेरी
हँसी की वजह है मेरे आई बाबा।
मुझे पाला, पोसा, बड़ा किया मुझे खुश रखनेवाले
मुझे खुद से भी ज्यादा प्यार करते हैं मेरे आई बाबा
मेरी हर ख्वाईश को पूरी करनेवाले खुद न लेके मुझे
नई और अच्छी चीज़े दिलानेवाले मेरे आई बाबा।
मेरे खाना न खाने की चिंता उन्हे हमेशा सताती जो
ख्याल उन्हे परेशान कर देता वो हैं मेरे आई बाबा।
'बेटा खाना खाया?' ये पूछे बिना जिनका दिन नही
जाता वो हैं मेरे आई बाबा।
जहाँ जहाँ मैं गलत लगूँ वहाँ मुझे टोक के सही
करने वाले मेरे आई बाबा।
मेरे चेहरे को सिर्फ देखकर मेरे मन की बात जो
जानले ऐसे हैं मेरे आई बाबा।
मुझे जो कभी दुःखी या परेशान न देख सके वो है
मेरे आई बाबा।
मैं अगर दुःखी रहूँ तो परेशान होने वाले पहले
शख्स होंगे मेरे आई बाबा।
मेरी खुशी में भागीदार बनने वाले पहले इन्सान
हमेशा होंगे मेरे आई बाबा।
दुनिया में सबसे अनमोल रत्न भले कोई कोहीनूर कहे
पर मेरे लिये मेरे सबसे अनमोल रत्न हैं मेरे आई बाबा।






## શાળાની પ્રવૃત્તિઓ

### શાળાના વિદ્યાર્થીઓની ચિત્ર પ્રતિભા





















Heer K.Rathod



શ્રેયા સી. કલાસવા





## ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન



## ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં આપણી શાળાના વિદ્યાર્થીઓ






શાળાના ધોરણ-૬ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ
દ્વારા તૈયાર કરવામાં આવેલ વિજ્ઞાન પ્રોજેક્ટ













શાળાના શિક્ષક શ્રી એમ.ડી. સોની
દ્વારા દર શનિવારે કરવામાં આવતી પ્રવૃતી







ગુજરાત એચિવમેન્ટ
સર્વે (GAS) પરીક્ષા
આપતા આપણી
શાળાના વિદ્યાર્થીઓ







## પોકસો વિષય પર અવેરનેસ કાર્યક્રમ











## મહિલા ક્રિકેટ સ્પર્ધા


## આપણી શાળાના એસ.પી.સી.ના વિદ્યાર્થીઓની નારાયણ સરોવર પોલીસ સ્ટેશનની મુલાકાત













# વાર્ષિક રમતોત્સવ

